ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૯ ટકા



દિવાળીના તહેવારો નિમિત્તે વિવિધ મંદિરોમાં અન્નકૂટ યોજવામાં આવ્યો હતો. સેકટર-૨૦ના અક્ષરધામ મંદિર અને વાવોલના રામજી મંદિર ખાતે યોજાયેલ અન્નકૂટના દર્શને ભાવિકોની લાંબી કતાર જોવા મળી હતી.



સરગાસણ ખાતે રહેતા તેજસ ભટ્ટ દ્વારા દિવાળના તહેવારો નિમિત્તે ૧૭ ફુટની લક્ષ્મી માંની રંગોળી બનાવવામાં આવી છે. આ રંગોળી બનાવતા ૧૩ કલાક થયા હતા. આ સુંદર રંગોળી સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## આજથી સેકટર-૧૭ ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શન

રાજય મધ્યસ્થ ગ્રંથાલય સેકટર-૧૭ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવણી નિમિત્તે તા. ૧૯-૨૦ નવેમ્બર ૨૦૨૦ સુધી પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જે.એમ. લેઉવા મદદનીશ ગ્રંથાલય નિયામક દ્વારા આ પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

## આત્મન દ્વારા નવા વર્ષ નિમિત્તે બાળકોને નવા વસ્ત્ર, ફરસાણ, મીઠાઈ, ફટાકડાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૯
આત્મન ફાઉન્ડેશન દ્વારા છેલ્લાં ૨૫ વર્ષથી દિવાળી, બેસતું વર્ષના તહેવાર પ્રસંગે તક વંચિત બાળકોને નવા કપડાં, મીઠાઈ-ફરસાણ, ફટાકડા વગેરેનું વિતરણ કરવામાં આવે છે. આ સેવા પરંપરા મુજબ આ વર્ષે પણ તા. ૧૫-૧૧-૨૦ના રોજ સેકટર-૧૩ની શ્રમજીવી વસાહતના ૭૦ ઉપરાંત બાળકોને કપડાં, મીઠાઈ-ફરસાણ, ફટાકડા વગેરેનું વિતરણ કરવામાં આવ્યુ હતું. બાળકોએ જીવન અંજલિ થાજો પ્રાર્થના ગાઈ હતી. સંજય થોરાત, સી.એલ. મહેતા, પ્રજ્ઞા પટેલે કોરોના સમયનો અનુલક્ષીને જરુરી કાળજી રાખવા, સ્વચ્છતા જાળવવા, મન દઈનો અભ્યાસ કરવા વિશે માર્ગદર્શન આપ્યું હતું. બાળકો સાથે સરસ પ્રશ્નોત્તરી કરી હતી. બાળકોએ પ્રજ્ઞાબહેન પટેલના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. વિતરણ કાર્યમાં સંસ્થાના સહયોગીઓ પ્રજ્ઞા પટેલ, સી.એલ. મહેતા, સંજય થોરાત, રિદ્ધિ અને અનન્યા થોરાત, પ્રો. અજયભાઈ રાવલ, સવિતાબેન અને કપિલાબેન માછી જોડાયા હતા. સે-૧૩ ઉપરાંત સેકટર-૬, ૭, અને સે-૨ના ૫૦ ઉપરાંત શ્રમજીવીઓને પણ નાસ્તા-મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ કુલ ૧૨૫ ઉપરાંત પરિવારોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.





ગુજરાત બ્રાહ્મણ સમાજ દ્વારા ઉપપ્રમુખ અશ્વિન ત્રિવેદી અને સલાહકાર કનૈયાલાલ પંડયા દ્વારા સેવા વસ્તીમાં કપડા વિતરણ કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર.

**જન્મદિને વધામણી**



આઈ બી વાઘેલા
એડવોકેટ,
મો. ૯૮૨૫૦ ૩૭૭૮૫



મહેશ એમ ભટ્ટ
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪



ઝલક સતિશકુમાર પ્રજાપતિ



નયનાબેન નારણભાઈ પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ)



જીલ પટેલ
મો.૯૪૨૮૪ ૯૬૦૪૫



ધૃવિ વિજયભાઈ સુખડિયા
મો.૯૧૭૩૪ ૪૫૯૪૪



ત્રિઅક્ષ કવનકુમાર દવે



હર્ષવર્ધન પ્રમિતકુમાર ચૌહાણ
મો. ૯૦૯૯૯ ૦૩૩૯૦

# દિવાળીના દિવસોમાં આગના બે બનાવ

## દોલારાણા વાસણા ગામે પુળામાં અને વાવોલ અક્ષરહોમ્સ ફલેટમાં આગ ભભુકી



ગાંધીનગર, તા. ૧૯
ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિસ્તારમાં દિવાળીના દિવસોમાં આગ ભભુકી ઉઠવાના બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં દોલારાણા વાસણા ગામે ચૌધરી વાસમાં પુળામાં અચાનક આગ લાગી હતી. જેમાં પુળા બળીને ખાક થઈ ગયા હતા, જયારે વાવોલ અક્ષર હોમ્સ ફલેટના બીજા માળે લાગેલી આગમાં ઘરવખરીનો સામાન આગમાં સ્વાહા થઈ ગયો હતો. જયારે બનાવ અંગે ફાયર ટીમને કોલ મળતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.

મળતી વિગત મુજબ ગત તા.૧૬ ના રોજ બપોરના ૧૨ થી ૧ ના સુમારે દોલારાણા વાસણા ગામના ચૌધરી વાસમાં ખેડુત દ્વારા પશુઓ માટે હજ્જારો પુળા ગોઠવીને રાખ્યા હતા. ત્યારે આ પુળામાં અચાનક આગ લાગતા ગ્રામજનોમાં હોહા મચી ગઈ હતી. સ્થાનિક નાગરીકોએ આગને કાબુમાં કરવા માટે પાણીનો છંટકાવ કર્યો હતો. પરંતુ આગ કાબુમાં આવી ન હતી. જયારે આગ ની જાણ ફાયર વિભાગને થતા તેઓ તાત્કાલીક પહોંચી જઈને પાણીનો મારો ચલાવી પુળામાં લાગેલી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે ખેડુતને વધુ નુકશાનમાંથી પણ બચાવ્યા હતા, જયારે આગને વધુ પ્રસરતા પણ ફાયર વિભાગે અટકાવી દીધી હતી.

જયારે બીજા બનાવમાં તા.૧૭ ના રોજ રાત્રીના સમયે અચાનક વાવોલ અક્ષરહોમ્સ ફલેટ નં. સી.૨૦૪ ખાતે રહેતા વિક્રમભાઈ પરમારના ઘરે આગ લાગી હતી. જો કે આગ લાગી ત્યારે તેઓ ઘરમાં ન હતા. તેઓ દિવાળીના તહેવાર હોવાથી પોતાના વતન ગયા હતા. જો કે ઘરમાંથી ધુમાડા નીકળતા અને આગ લાગી હોવાની જાણ થતા ફલેટના નાગરીકોએ તાત્કાલીક ફાયર વિભાગને જાણ કરી હતી. જેથી સ્ટાફના કર્મચારીઓએ રાત્રીના સુમારે ફલેટમાં લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ ત્યાં સુધીમાં તો ઘરમાં રહેલી તમામ મોટાભાગની કપડા, ગોદડા, પ્રમાણપત્રો, સાડીઓ, રોકડા રૂપીયા, વાસણો, કટલરી, ફર્નીચર સહિતનો સામાન આગમાં બળીને સ્વાહા થઈ ગયો હતો.

# ઘ-૫ સુરભી કોમ્પ્લેક્ષમાં દારૂની મહેફીલ માણતા ૬ નબીરા ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૯
ગાંધીનગર શહેરના ઘ-૫ ખાતે સુરભી કોમ્પ્લેક્ષમાં આવેલી કુરીયરની દુકાનમાં દારૂની મહેફીલ માણતા ૬ શખ્સો સેકટર-૨૧ પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસને સ્થળ પરથી ત્રણ ખાલી બોટલ અને બે ભરેલી બોટલ મળી આવી હતી. જયારે પોલીસે તમામ શખ્સો સામે પ્રોહીએકટ અને એપેડમીક ડીસીઝ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઘ-૫ સુરભી કોમ્પ્લેક્ષ ખાતે આવેલી મેરીગોલ્ડ કુરીયરની દુકાન નં.જી.-૬ ખાતે રાત્રે પોણા નવ વાગ્યાના અરસામાં સેકટર-૨૧ પોલીસે બાતમીને પગલે રેઈડ પાડી હતી. આ રેઈડમાં પોલીસને દારૂની મહેફીલ માણતા ૬ શખ્સો મળી આવ્યા હતા. જેમાં ૩૮ વર્ષિય ધવલ કૌશિકભાઈ પટેલ (રહે. સેકટર-૨૮ જીઆઈડીસી કોલોની) અને અમદાવાદ નરોડા ખાતે રહેતા પીનાકીન નટવરભાઈ પટેલ (ઉં.૩૬ વાણીયા વાસ), પૃથ્વીરાજસિંહ વિજયસિંહ ચૌહાણ (ઉં.૩૮ રહે. કામેશ્વર એપાર્ટમેન્ટ), દિપક તૈલેષભાઈ સોની (ઉં.૨૯ રહે.શ્રેયાસનાથ સોસાયટી), કૃપલ અશ્વિન પટેલ (ઉં.૩૮ અરીહંતનગર સોસાયટી), શ્રેણીક દિનેશભાઈ શાહ (ઉં.૩૮ રહે.આઝાદ ચોક) નો સમાવેશ થાય છે. દિવાળીના પર્વને પગલે મિત્રોએ એકઠા થઈને દારૂની પાર્ટી યોજવાનું નક્કી કર્યુ હતું. બનાવ સ્થળ પરથી પોલીસને દારૂની ભરેલી બે બોટલ પણ મળી આવી છે. પોલીસે તમામ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# રીલાયન્સ ચોકડી પાસે ઈંડાની લારી ચલાવતા પિતા-પુત્ર પર હુમલો

ગાંધીનગર, તા.૧૯
રીલાયન્સ ચોકડી પાસે ઈંડાની લારી પર એક શખ્સે તોડફોડ કરી હતી. નાસ્તાના રૂપીયા માંગતા લારી ચાલક પિતા-પુત્રને માથાના ભાગે ધોકો તેમજ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોસીટી પોલીસ મથકે લારી ચાલકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ ધોળાકુવા ગામના રાવળ મહેશભાઈ ગોવિંદભાઈ રાવળ રીલાયન્સ ચોકડી પાસે ઈંડાની લારી ચલાવે છે. ત્યારે બુધવારના રોજ રાત્રીના સુમારે તેમને ત્યાં પેથાપુર તરપોજવાસ ખાતે રહેતા હિતેશ ઉર્ફે હિતુભા ઠાકોર નાસ્તો કરવા માટે આવ્યા હતા. અગાઉના તેમજ હાલના નાસ્તાના રૂપીયા લારી ચલાવતા યુવકે માંગતા ઉશ્કેરાઈ ગયેલા યુવકે ગાળાગાળી શરુ કરી હતી. ત્યારબાદ યુવકે ટેબલ અને ખુરશીની તોડફોડ શરુ કરી હતી. જયારે ઉશ્કેરાઈ ગયેલા યુવકના હાથમાં ધોકો આવી જતા તેણે લારી ચાલકને મારતા માથાના ભાગે ઈજા પહોંચી હતી. જયારે પિતાને માર મારતા વચ્ચે પડેલા ૧૩ વર્ષિય દિકરાને પણ હિતેશ માથાના ભાગે ધોકો માર્યો હતો. જેથી પિતા-પુત્ર બંન્નેને માથાના ભાગે લોહી નીકળતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં માથાના ભાગે ૬ ટાંકા આવ્યા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ધોળાકુવા પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૯
ધોળાકુવા પાટીયા પાસે દિવાળીના દિવસે સાંજના સાત વાગ્યાના અરસામાં અજાણ્યા વાહનની અડફેટે યુવક આવી જતા ઈજા પહોંચી હતી. બનાવને પગલે તાત્કાલીક દોડી આવેલા શખ્સોએ ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા સારવાર માટે મોકલી આપ્યો હતો. જયાંથી વધુ સારવારઅર્થે અમદાવાદ મોકલી અપાયો હતો. જયારે ઈન્ફોસીટી પોલીસે અમદાવાદ ખાતે જઈ તપાસ કરતા તે યુવક બેભાન અવસ્થામાં હતો. યુવક પાસેથી તેની ઓળખ થાય તે પ્રકારના કોઈપણ પુરાવા મળ્યા નથી. જયારે તા.૧૮ ના રોજ સારવાર દરમિયાન યુવકનું મૃત્યુ નિપજયુ હતુ. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મંગલ પ્રભાતે સોનેરી કિરણો થકી નૂતનવર્ષને આવકારવા ઘર આંગણે સુંદર રંગોળી બનાવી ગૃહિણીઓ આનંદ વિભોર બની છે. નવું વર્ષ તમામ લોકો માટે સુખ, શાંતિ અને નિરોગી બને તેવી પ્રભુને પ્રાર્થના કરી છે.



સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં કાળી ચૌદશના શ્રી હનુમાજીનું વિધિવત પૂજન થયું હતું તથા ભગવાનને અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. જેનાં દર્શનનો લાભ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ લીધો હતો.

**ચિરવિદાય**

● મુક્તિધામ ●

- સ્વ. કોકીલાબેન લાલાજી બિહોલા, ઉ.વ. ૭૦, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. ભગતસિંગ સંતસિંગ છાબડા, ઉ.વ. ૯૫, સાબરમતી, અમદાવાદ
- સ્વ. પટેલ કાંતિભાઈ અંબાલાલ, ઉ.વ. ૭૪, તખતપુરા, તા. માણસા
- સ્વ. ભરતભાઈ રસિકભાઈ મોદી, ઉ.વ. ૦૯, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. નંદુભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉ.વ. ૬૫, ઉનાવા, તા. ગાંધીનગર
- સ્વ. મહેન્દ્રકુમાર રમણલાલ સોની, ઉ.વ. ૫૧, વિજાપુર, જી. મહેસાણા
- સ્વ. પ્રજાપતિ ચતુરભાઈ ભોળીદાસ, ઉ.વ. ૭૦, જામળા, તા. કલોલ
- સ્વ. દયારામ મોહનભાઈ બોયત, ઉ.વ. ૬૨, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. કમળાબેન ઈશ્વરભાઈ પટેલ, ઉ.વ. ૮૧, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. પાઠક, પુષ્પાબેન બાબુલાલ, ઉ.વ. ૬૬, રીદ્રોલ, તા. માણસા

# રાહેલ બા મગોડી વૃદ્ધાશ્રમમાં ઈન્ડિયન લાયન્સ ગાંધીનગરે દિવાળી ઉજવી

ગાંધીનગર, તા.૧૯
દિવાળી નિમિત્તે ઈન્ડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા દિવાળીના રોજ સવારે બાળકો માટે સેકટર-૨૪ અને સેકટર-૧૩ની ગરીબ વસાહતના બાળકો સાથે બાલ દિવસ નિમિત્તે મીઠાઈ અને ફુલઝડી વહેંચી સવારે દિવાળી ઉજવી અને સાંજે ૬ વાગ્યે મગોડી ખાતે આવેલા રાહેલ બા વૃદ્ધાશ્રમમાં વૃદ્ધો સાથે કાર્યક્રમ કરી દિવાળી ઈન્ડિયન લાયન્સ ગાંધીનગરના નેશનલ ચીફ પેટર્ન હિતેશ પંડયા, ચેરપર્સન આશાબેન પંડયા, પ્રમુખ રાધેશ્યામ યાદવ, ઉપપ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલ, મંગળસિંહ સોલંકી-ઉપપ્રમુખ દ્વારા વૃદ્ધોને ગરમ સ્વેટરનું વિતરણ કરી તેઓ સાથે ભોજન લઈ દિવાળી ઉજવી હતી.



આ પ્રસંગે કાર્યક્રમનું સંચાલન સંજીવ યાદવ કોષાધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ રાષ્ટ્રગાન વંદે માતરમ સમૂહ ગાન કરી કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હિતેશ પંડયા દ્વારા વૃદ્ધોને દિવાળીની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી અને આશાબેન પંડયા દ્વારા બહેનોને સમ્માનિત કરી તેઓને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. આત્મીયતાથી તેઓ બહેનોને મળ્યા હતા. આ પ્રસંગે ઉપુપ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વૃદ્ધાશ્રમના સ્થાપક નિર્મળાબેનનું ફુલમાળાથી વિમલાબેન કે. પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સંચાલક જશુભાઈ ઝાલાનું સન્માન કાંતિભાઈ પટેલ એડવોકેટ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ રાધેશ્યામ યાદવનું ફુલમાળાથી સન્માન મંગળસિંહ સોલંકી ઉપપ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું. અને હિતેશ પંડયાનું સન્માન પ્રમુખ રાધેશ્યામ યાદવ દ્વારા ફુલમાળા અર્પણ કરી કરવામાં આવ્યું હતું. આશાબેન પંડયાનું સન્માન ફુલમાળાથી વિમલાબેન કે. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સેક્રેટરી મનીષાબેન ગોહિલનું સન્માન પણ ફુલમાળાથી વિમલાબેન કે. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.